PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/કવા–૦૧/૧૭–૧૮/ ૫૮૩૦ તા. 05/09/19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જયંતિભાઈ આંબાભાઈ બોઘાણી,
નવા પ્લોટ મા,
શ્રીનાથગઢ રોડ ઉપર.,
ગામ: શિશક
પીનકોડ: ૩૬૦૩૩૦ જી. રાજકોટ
મો: ૯૯૦૯૩૦ ૮૪૮૧

**વિષય :–ખેતીવાડી વીજજોડાણ ની કેટેગરી ચેન્જ કરવા બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૮/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-2.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૮/ક્વા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૩–૦૬–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: જયંતિભાઈ આંબાભાઈ બોઘાણી, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે સગપરીયા બાવનજી ભગવાનજીભાઈ હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ ની કેટેગરી ચેન્જ કરવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના, ગામઃ શીશક ખોતા સર્વે નંબર : ૧૩૧ પૈકી ૩ મા, નોંધાવેલ નવા ૦૫ હોપા ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુર કરાયેલ અરજી અન્વયે અપાયેલ, રૂ.૭૪૩૫/–નુ, ભાવપત્રક નં: ૪૯૬૧ તા.૨૫–૦૪–૧૭, જે '' સ્વતંત્ર ટ્રાન્સફોર્મર '' આપ્યા વગર – એટલેકે ડી–કેટેગરી હેઠળ આવરી લેવાને બદલે – અન્ય ગ્રાહક ના હૈયાત એવા ટ્રાન્સફોર્મર માથી – એ –કેટેગરી મુજબ અપાયેલ છે. જે ટ્રાન્સફોર્મર માથી તેમનુ જોડાણ મંજુર કરાયેલ છે, તે ટ્રાન્સફોર્મર મા કુલ ૦૭ જોડાણો આવેલ છે. અને આ ટ્રાન્સફોર્મર પર ની હૈયાત એલ.ટી.લાઈન પર, વીજચેડા થતા હોય, વારંવાર ટ્રાન્સફોર્મર બળી જાય છે, તેમજ વારંવાર, વીજવિક્ષેપ ની સ્થિતી ઉત્પન્ન થાય છે. |
| ૧.૨ | અરજદાર જણાવે છે કે, અન્ય જોડાણકારો ને, વીજભાર વધારો આપી અને અલાયદુ ટ્રાન્સફોર્મર આપવાની બાબત નિયમાધીન હોય, આવા કેઈસોમા, સ્વતંત્ર ટ્રાન્સફોર્મર આપવામા આવે છે. જેથી, તેઓ શ્રી પણ હૈયાત એવા, નવા ખેતીવાડી વીજજોડાણ ના કરારીત વીજભાર મા, વીજભાર વધારો માંગી અને તે મુજબ, નવા જોડાણ મા સ્વતંત્ર એવુ નવુ ટ્રાન્સફોર્મર મેળવવા માટે માંગે છે. આમ, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી, જે તેમના નવા ખેતીવાડી વીજજોડાણ મા હૈયાત કરારીત વીજભાર મા, અથવા તો ભવિષ્ય મા મંજુર કરાયેલ વીજભાર માટે, તેઓને નિયમ મુજબ, નવુ સ્વતંત્ર ટ્રાન્સફોર્મર મળે, તે માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના, ગામઃ શીશક ખોતા સર્વે નંબર : ૧૩૧ પૈકી ૩ મા, નોંધાવેલ નવા ૦૫ હોપા ના નવા ખેતીવાડી વીજજોડાણ ની તા.૧૩–૦૪–૧૧ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, માંગણી મુજબ ના સ્થળ પર રહેલ, ખેતીવાડી હૈયાત વીજઈન્ફ્રાસ્ટ્રક્ચર ની સ્થિતી નુ સર્વેક્ષણ હાથ ધરાયેલ હતુ. આ સવેક્ષણ સમયે, અરજદાર શ્રી એ, જે સ્થળ પર નવુ ૦૫ હોપા નુ જોડાણ માંગેલ છે, તે ખેતીવાડી વીજગ્રુપ મા, હૈયાત એવા ૬૩ કેવીએ ના ટ્રાન્સફોર્મર સેન્ટર થી, અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ સ્થળ માત્ર ૧૦ મીટર ના અંતરે જ આવેલ છે. અને, આ હૈયાત ૬૩ કેવીએ ના ટ્રાન્સફોર્મર મા, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના, ૦૫ હોપા નો વીજભાર નાખવામા આવતા, ૬૩ કેવીએ ના ટ્રાન્સફોર્મર પર, ૩૫ હોપા નો વીજભાર થાય છે. જેથી, હૈયાત ૬૩ કેવીએ ના ટ્રાન્સફોર્મર મા આશરે ૧૮ કેવીએની જગ્યા ખાલી હોય, અરજદાર શ્રી ના સદર ૦૫ હોપા ના નવા જોડાણ માટે, આ હૈયાત ૬૩ કેવીએ માથી જ, એ –કેટેગરી મુજબ નુ જોડાણ આપવાની પુરી તાંત્રીક શકયતાઓ જણાયેલ હતી. જેથી, તે મુજબ ની એ –કેટેગરી હેઠળ ની તાંત્રીક મંજુરી મેળવીને, અરજદાર શ્રી ને તેમના નવા ૦૫ હોપા ના નવા ખેતીવાડી વીજજોડાણ માટે ની મંજુરી અન્વયે નુ, રૂ.૭૪૩૫/–નુ, તા.૨૫–૦૪–૧૭ ના રોજ અપાયેલ ભાવપત્રક નં: ૪૯૬૧ જે તાંત્રીક રીતે યોગ્ય છે. અરજદાર શ્રી ના સદર જોડાણ માટે, '' સ્વતંત્ર ટ્રાન્સફોર્મર '' આપવાની બાબત, તાંત્રીક રીતે યોગ્ય નથી. તેમજ, અરજદાર શ્રી ના જોડાણ નુ અંતર, જે હૈયાત ટ્રાન્સફોર્મર થી ૧૦ મીટર ના અંતરે જ હોય, |

| | |
|---|---|
| | પુરતા વોલ્ટેજ થી વીજપ્રવાહ મળી રહેલ છે. તે મુજબ પણ, અરજદાર ના જોડાણ માટે નવુ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની તાંત્રીક રીતે જરૂરીયાત રહેતી નથી. |
| **૨.૨** | તેમજ, અરજદાર શ્રી, જો તેમના હૈયાત એવા, નવા ખેતીવાડી વીજજોડાણ ના કરારીત એવા ૦૫ હોપા ના વીજભાર મા, ભવિષ્ય મા, વીજભાર વધારો મેળવવા માટે ની વિધીસર ની અરજી સાથે ની માંગણી, પીજીવીસીએલ મા રજુ કરશે તો, તે સમયે, સદર ખેતીવાડી વીજગ્રુપ ના ઈન્ફ્રાસ્ટ્રકચર અને હૈયાત ટ્રાન્સફોર્મર ની ક્ષમતા વગેરે બાબતો ની, તાંત્રીક ચકાસણી કરાયા બાદ, જો હૈયાત ટ્રાન્સફોર્મર માથી જ, વીજભાર વધારો તાંત્રીક રીતે આપવાની બાબત શકય હશે તો, તે મુજબ આપી શકાશે. અથવા તો, જે તે સમયે, હૈયાત ટ્રાન્સફોર્મર મા, માંગણી મુજબ ના વીજભાર ની ક્ષમતા ન હોય તો, તે મુજબ ની તાંત્રીક સ્થિતી નકકી કરીને, જે તે સમયે, અરજદાર શ્રી ને, વીજભાર વધારા ની માંગણી માટે, નવા ટ્રાન્સફોર્મર લગાડવા / હૈયાત જોડાણ માથી જ વીજભાર વધારો આપવા બાબતે, જે તે સમય ની પરીસ્થિીત મુજબ જ, તાંત્રીક રીતે ની જણાયેલ યોગ્યતા મુજબ ની જ કામગીરી હાથ ધરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ માટે, '' ખાસ કરીને – ડી–કેટેગરી હેઠળ ની મંજુરી અન્વયે નુ – સ્વતંત્ર એવુ ટ્રાન્સફોર્મર '' મેળવવા માટે ની મુખ્ય માંગણી, ફોરમ સમક્ષ કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી કરાયેલ એવી, સદર નવા, ૦૫ હોપા ના જોડાણ ની અરજી ના સર્વેક્ષણ સમયે, આ ખેતીવાડી વીજગ્રુપ ના ૬૩ કેવીએ ના ટ્રાન્સફોર્મર થી, અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ સ્થળ નુ અંતર, માત્ર ૧૦ મીટર ના અંતરે જ જણાયેલ છે. તેમજ, અરજદાર શ્રી ની અરજી વાળા ૦૫ હોપા નો વીજભાર, જે હૈયાત એવા સદર ૬૩ કેવીએ ના ટ્રાન્સફોર્મર પર લાદતા, સદર હૈયાત ટ્રાન્સફોર્મર મા કુલ વીજભાર ૩૫ હોપા નો વીજભાર થયેલ છે. આમ, હૈયાત ૬૩ કેવીએ ના ટ્રાન્સફોર્મર મા આશરે ૧૮ કેવીએની જગ્યા ખાલી હોય, અરજદાર શ્રી ના સદર ૦૫ હોપા ના નવા જોડાણ માટે – આ હૈયાત ૬૩ કેવીએ માથી જ, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના ૦૫ હોપા ના, નવા ખેતીવાડી વીજજોડાણ ને, આ હૈયાત ટ્રાન્સફોર્મર માંથી જ વીજપુરવઠો આપી, અને તે મુજબ, અરજદાર શ્રી નુ સદર ૦૫ હોપા નુ જોડાણ, જે એ કેટેગરી હેઠળ જ આપવાની પુરી તાંત્રીક શકયતાઓ પીજીવીસીએલ ને જણાયેલ હતી. જેથી, તે મુજબ ની એ –કેટેગરી હેઠળ ની તાંત્રીક મંજુરી મેળવીને, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને તેમના નવા ૦૫ હોપા ના નવા ખેતીવાડી વીજજોડાણ માટે ની મંજુરી અન્વયે નુ, રૂ.૭૪૩૫/–નુ, તા.૨૫–૦૪–૧૭ ના રોજ અપાયેલ ભાવપત્રક નં: ૪૯૬૧ જે અપાયેલ છે, તે ભાવપત્રક યોગ્ય છે. આમ, અરજદાર શ્રી ના સદર જોડાણ માટે, '' સ્વતંત્ર ટ્રાન્સફોર્મર '' આપવાની પીજીવીસીએલ પક્ષકાર ને તાંત્રીક રીતે કોઈ જરૂરીયાત રહેતી નથી. જેથી, સદર જોડાણ, એ –કેટેગરી હેઠળ, જે મંજુર કરાયેલ છે, તે યોગ્ય હોવા બાબતે ની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો સદર મુદદે, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૨** | તેમજ, અરજદાર શ્રી એ, તેમના હૈયાત એવા, નવા ખેતીવાડી વીજજોડાણ ના કરારીત એવા ૦૫ હોપા ના વીજભાર મા, ભવિષ્ય મા, વીજભાર વધારો મેળવવા માટે ની વિધીસર ની અરજી, જે ભવિષ્ય મા, પીજીવીસીએલ મા રજુ કરી અને તે મુજબ, જોડાણ મા થતા કુલ વીજભાર સામે, નવુ સ્વતંત્ર ટ્રાન્સફોર્મર મેળવવા માટે ની ફોરમ સમક્ષ સંભવિત માંગણી મુકેલ છે. જેના અનુસંધાને, અરજદાર શ્રી ને જણાવવાનુ કે, આ વીજભાર વધારા ની અરજી સમયે, સદર ખેતીવાડી વીજગ્રુપ ના ઈન્ફ્રાસ્ટ્રકચર અને હૈયાત ટ્રાન્સફોર્મર ની ક્ષમતા વગેરે બાબતો ની, તાંત્રીક ચકાસણી કરાયા બાદ જ, પીજીવીસીએલ પક્ષકાર ને, જો હૈયાત ટ્રાન્સફોર્મર માથી જ, વીજભાર વધારો તાંત્રીક રીતે આપવાની બાબત શકય હશે તો, તે મુજબ હૈયાત ટ્રાન્સફોર્મર માથી જ, વીજભાર વધારો મંજુર કરવામા આવશે. અથવા તો, જે તે સમયે, હૈયાત ખેતીવાડી વીજગ્રુપ ના ઈન્ફ્રાસ્ટ્રકચર ની સ્થિતી, હૈયાત ઈન્ફ્રાસ્ટ્રકચર ના હૈયાત ટ્રાન્સફોર્મર ની ક્ષમતા ની સ્થિતી, તેમજ હૈયાત વીજભાર ની સ્થિતી, તદ ઉપરાંત, તાંત્રીક દ્રષ્ટીએ જરૂરી એવી અન્ય બાબતો ને નજર સમક્ષ રાખતા, પીજીવીસીએલ પક્ષકાર ને, જે તે સમયે, અરજદાર શ્રી ને, વીજભાર વધારા ની માંગણી અન્વયે ની મંજુરી માટે, જો નવા ટ્રાન્સફોર્મર લગાડવાની ખરી તાંત્રીક જરૂરીયાત જણાશે, તો જે તે સમય ની તાંત્રીક તેમજ અન્ય એવી બાબતો ની તમામ પરીસ્થિીત ઓ ને નજરસમક્ષ રાખીને, નવા ટ્રાન્સફોર્મર લગાડવીન યોગ્યતા, જો નિયમાધીન રીતે નિયત થશે તો, નવુ ટ્રાન્સફોર્મર મુકી ને, અરજદાર શ્રી ને માંગણી મુજબ ના વીજભાર ની મંજુરી, જે નવા ટ્રાન્સફોર્મર માથી આપવામા આવશે. આ બાબતે ની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો સદર મુદદે, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને અપાયેલ એવુ, તેમના નવા ૦૫ હોપા ના જોડાણ માટે નુ, એ –કેટેગરી હેઠળ નુ ભાવપત્રક યોગ્ય છે. તે મુજબ ની, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો હુકમ થયેલ છે. તેમજ, મુદ્દા નં.૩.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના ભવિષ્ય ના સંભવિત વીજભાર વધારા ની મંજુરી માટે ની, જે તે સમય ની ભવિષ્ય ની સ્થિતી અન્વયે ની, મંજુર કરાયેલ વીજભાર માટે, હૈયાત ટ્રાન્સફોર્મર / નવુ ટ્રાન્સફોર્મર આપવાની બાબત, જે – જે તે સમય ની , તાંત્રીક સ્થિતી પર આધારીત હોવા બાબતે ની જાણકારી પણ, અરજદાર શ્રી ને આપવાનો, સદર કેઈસ મા હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.